નારી અદાલતના કર્મચારીઓના પગાર વધારા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AWO/e-file/23/2023/1479/A

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા :**

(૧) વિભાગના તા.૦૩.૦૫.૨૦૧૨ના ઠરાવ ક્ર.: મહય/૧૦૨૦૧૨૩/૨૩૩/અ

(૨) વિભાગના તા.૦૧.૦૫.૨૦૧૩ના ઠરાવ ક્ર.: મહય/૧૦૨૦૧૩૩/૯૮/અ

(૩) વિભાગના તા.૩૧.૦૭.૨૦૧૪ના ઠરાવ ક્ર.: મહય/૧૦૨૦૧૩/૧૯૪૩/અ

(૪) વિભાગના તા.૨૨.૦૪.૨૦૧૫ના ઠરાવ ક્ર.: મહય/૧૦૨૦૧૪/૨૫૨૭/અ

(૫) મહિલા સામખ્ય, સ્ટેટ પ્રોગ્રામ ડાયરેક્ટરની કચેરીનો તા.૧૩.૧૨.૨૦૧૭નો પત્ર ક્ર. એસ.પી.ડી./વહટ/ના.અ./૨૦૧૭/૩૭૭

(૬) ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરીનો તા.૧૬.૦૫.૨૦૨૫નો પત્ર ક્રમાંક: વેતન વધારો/નારી અદાલત/૨૦૨૫/૯૮૧

**પ્રસ્તાવના :**

નારી અદાલત મહિલાઓ માટે મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતી બિન ઔપચારિક ન્યાય પ્રણાલી છે. જે મહિલાઓને ઘર આંગણે વિનમુલ્યે પોતાના પ્રશ્નો કોર્ટમાં ગયા વિના નિરાકરણ લાવવાની તક પુરી પાડે છે. વંચાણે લીધેલ ક્રમ નં.(૧) સામે દર્શાવેલ ઠરાવ થી રાજ્યમાં નારી અદાલતો શરૂ કરવા માટે નવી બાબતને મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ નં.(૨) (૩) અને (૪) સામે દર્શાવેલ ઠરાવથી નારી અદલતોના વિસ્તૃતિકરણ માટે ખર્ચની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ નં.(૫) સામે દર્શાવેલ ઠરાવથી મહિલા સામખ્ય, સ્ટેટ પ્રોગ્રામ ડાયરેક્ટરની કચેરી દ્વારા નારી અદાલતો મંજૂર માનવબળની વિગતો સાથે ગુજરાત સરકારને સુપ્રત કરવામાં આવેલ છે. જે મહેકમના પગાર વધારા બાબતે વંચાણે લીધેલ ક્રમ નં.(૬) સામે દર્શાવેલ પત્રથી ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

નારી અદાલત અંતર્ગત કાર્યરત માનવબળ માટે નીચે મુજબના પગાર વધારાને આથી મંજૂરી આપવામાં આવે છે.

(રકમ રૂ.)

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | હાલનો પગાર (માસિક) | મંજૂર થયેલ પગાર (માસિક) |
|---|---|---|---|---|
| ૧ | સ્ટેટ કો.ઓડીનેટર | ૦૧ | ૧૮,૦૦૦/- | ૪૫,૦૦૦/- |
| ૨ | એમ.આઈ.એસ.ઓફીસર | ૦૧ | ૧૦,૦૦૦/- | શ્રમ આયુક્તની કચેરીના ન્યુનતમ વેતનધારા મુજબ લઘુતમ વેતન |
| ૩ | રાજ્ય હિસાબનીશ | ૦૧ | ૯૦૦૦/- | |
| ૪ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | ૭૫૦૦/- | |
| ૫ | પટાવાળા | ૦૧ | ૪૦૦૦/- | |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | જિલ્લા કો.ઓડીનેટર | જીલ્લા દીઠ ૧ | ૧૦,૦૦૦/- | |
| ૭ | હિસાબનીશ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | જીલ્લા દીઠ ૧ | ૮૦૦૦/- | |
| ૮ | તાલુકા કોર્ડીનેટર | કેન્દ્ર દીઠ ૧ | ૬૫૦૦/- | |

આ અંગેનો ખર્ચ ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૩૧ સદરે કરવાનો રહેશે.

આ મંજૂરીનો અમલ તા.૦૧.૦૮.૨૦૨૬ થી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૦૬.૦૭.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(નિર્વિશા પુરોહિત)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ(બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Nirvisha Purohit
Under Secretary
Date:2026.08.03
11:53:21 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign